| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૨/૦૮/૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૦૨/૦૮/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |

| | | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|
| અવધિ | : | ૦૩ | ૦૮ | ૧૪ |
| આંક | : | ૮૨ | | |

**ફોર્મ– "એ"**

**મે. રાજકોટના પાંચમા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ.**

**ચુકાદા તારીખઃ ૧૫/૦૪/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર–૧૨૧/૨૦૨૨.**

[રાજકોટ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ–૦૦૨૧/૨૦૨૦]

| | | |
|---|---|---|
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | | **શ્રી ટી.એસ.માથુર** |
| **આરોપી** | ૧. | **પ્રદિપસિંહ પ્રવિણસિંહ ચાવડા,** ઉં.૩૨ વર્ષ, ધંધોઃ નોક, રહે.– ડી–૧ પોલીસ ઈન્સપેક્ટર કવાર્ટર, રામનાથપરા, રાજકોટ. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **વિ.વ.શ્રી એ.આર.દેસાઇ** |

**ફોર્મ– "બી"**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૧/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૫/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૩૧/૦૧/૨૦૨૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૭/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૬/૧૧/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | **૧૫/૦૪/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**<u>આરોપીની વિગત</u>**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રદિપસિંહ પ્રવિણસિંહ ચાવડા** | **૧૬/૦૧/૨૦** | **૨૫/૦૨/૨૦** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૪ અને આર્મ્સ– એકટ્‌ની કલમ–૩૦ મુજબ. | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | – | ૦૧ માસ, ૧૦ દિવસ |

**<u>ગુનોઃ</u>** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, આર્મ્સ એકટની કલમ ૩૦ મુજબનો</u>.**

**<u>:: ચુકાદો ::</u>**

**(૦૧)** આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૪, આર્મ્સ એકટની કલમ–૩૦ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**(૧.૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ: ૧૫/૦૧/૨૦૨૦ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યે રાજકોટ શહેરમાં આવેલ શાસ્ત્રી મેદાન બસ સ્ટેશનની અંદર આવેલ એસ.ટી. પોલીસ ચોકીમાં ફરિયાદીનો દિકરો મરણ જનાર હિમાંશુ દિનેશભાઈ ગોહેલ જે આરોપીને મેચની ટીકીટ બાબતે મળવા આવેલ ત્યારે આરોપી તેમની સર્વિસ પિસ્તોલ સાફ કરતા હતા અને પિસ્તોલ આવી રીતે સાફ કરવાથી ફાયર થઈ શકે અને કોઈને પણ ઈજા થઈ શકે તેમજ મોત પણ થઈ શકે તેવુ આરોપી જાણતા હોવા છતા, બેદરકારીભરી રીતે આરોપીએ પિસ્તોલ સાફ કરતા અને

પિસ્તોલમાંથી ફાયર થતા. ફરિયાદીના દિકરા મરણ જનાર હિમાંશુને આંખના ભાગે ગોળી વાગી જતા અને ગંભીર ઈજા થતા તેના કારણે મરણ જનારનું મોત થયેલ. જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે રાજકોટ શહેરના એ–ડીવી. પોલીસ સ્ટેશનમાં ગુ.રનં. ૧૧૨૦૮૦૫૦૨૦૦૦૨૧/૨૦૨૦ થી આઈ.પી.સી. કલમ–૩૦૪ તેમજ આર્મ્સ એક્ટની કલમ–૩૦ મુજબની નોંધાયેલ.

**(૧.૨)** આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્ધારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪, આર્મ્સ એક્ટની કલમ–૩૦** મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, રાજકોટનાઓની કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરેલ. આરોપી વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, રાજકોટના વિદ્ધાન એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રાજકોટશ્રીનાઓ દ્ધારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ અત્રેના રાજકોટના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ. જેને **સેશન્સ કેસ નંબર–૧૨૧/૨૦૨૨** થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ મે.મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, રાજકોટના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

**(૦૨)** આ કામના આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હોય, નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ રજૂ કરતાં, આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪ તથા આર્મ્સ એક્ટ્ની કલમ ૩૦ મુજબના આક્ષેપિત ગુના અંગે **આંક–૧૩** થી તહોમતનામું ફરમાવવામાં

આવેલ છે. આરોપીનું નિવેદન આ કામે **આંક–૧૪** થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**<u>ફોર્મ–સી</u>**

**(૦૩)** આરોપી વિરુદ્ધ **આંક–૧૩** થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છેઃ–

**(એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>**

| **અનુક્રમ નંબર** | **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|---|
| | | | **<u>મુખ્ય સાહેદો</u>** | |
| ૧ | ૨ | **૨૪** | ઈલાબેન હીમાંશુભાઈ ગોહેલ | **સાહેદ–** મરણજનારના પત્નિ **(હોસ્ટાઈલ)** |
| ૨ | ૩ | **૨૫** | ભાનુબેન દીનેશભાઈ ગોહેલ | **સાહેદ–** મરણજનારના માતા **(હોસ્ટાઈલ)** |
| ૩ | ૪ | **૨૬** | રજનીભાઈ રાનજીભાઈ પરમાર | **સાહેદ–** મરણજનારના ભાઈ **(હોસ્ટાઈલ)** |
| ૪ | ૫ | **૨૭** | રમેશ પ્રેમજીભાઈ પરમાર | **સાહેદ–** મરણજનારના બનેવી **(હોસ્ટાઈલ)** |
| ૫ | ૬ | **૨૮** | વીનોદભાઈ ડાયાભાઈ જેઠવા | **સાહેદ–** મરણજનારના ભાઈ **(હોસ્ટાઈલ)** |
| | | | **<u>પંચ સાહેદો</u>** | |
| ૬ | ૭ | **૨૯** | હનીફભાઈ કાળાભાઈ શેખ | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૭ | ૮ | **૩૧** | બકુલભાઈ ચંદુભાઈ મહેતા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૮ | ૯ | **૩૨** | રાજેશભાઈ પ્રવીણભાઈ | **ઈન્કવેસ્ટ** |

| | | | | |
|---|---|---|---|---|
| | | | બારભાયા | **પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૯ | ૧૦ | **૩૪** | ભુષણભાઇ જયંતભાઇ કેશરીયા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૦ | ૧૧ | **૩૫** | મનોજભાઇ મુળજીભાઇ રાઠોડ | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૧ | ૧૨ | **૩૭** | દીપકભાઇ વીનોદરાય કડેચા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૨ | ૧૩ | **૩૯** | જીગ્નેશભાઇ પ્રમોદભાઇ શાહ | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૩ | ૧૪ | **૪૧** | અમરભાઇ વીપુલભાઇ પંડ્યા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૪ | ૧૫ | **૪૨** | સતીષભાઇ કીશોરભાઇ પરમાર | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૫ | ૧૬ | **૪૪** | કાસમભાઇ હારૂનભાઇ સુમરા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૬ | ૧૭ | **૪૫** | અમીનભાઇ અજીતભાઇ નગરીયા | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૭ | ૧૮ | **૪૭** | જુસબ આમદભાઇ શેખ | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૮ | ૧૯ | **૪૮** | પીયુશભાઇ શંભુભાઇ રૈયાણી | **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ (હોસ્ટાઈલ)** |
| **તબીબ સાહેદ** | | | | |
| ૧૯ | ૧ | **૧૯** | ડો.પ્રીન્સકુમાર જયંતીલાલ મણવર | **તબીબી સાહેદ** |
| **સ્વતંત્ર સાહેદ** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૧ | **૫૨** | ચૈતન્ય જસવંતભાઇ કરથીયા | **એફ.એસ.એલ. અધિકારી** |
| | | **<u>પોલીસ સાહેદો</u>** | | |
| ૨૧ | ૨૦ | **૪૯** | પ્રવીણાબેન હરીદાનભાઇ સોઢાતર | **પી.એસ.ઓ.** |
| ૨૨ | ૨૨ | **૫૪** | ભીખાલાલ અમરશીભાઇ કુલતરીયા | **પી.એસ.ઓ.** |
| ૨૩ | ૨૩ | **૫૭** | નવલસિંહ ખેંગારજી જાડેજા | **નિવૃત પી.આઇ. ત.ક.અ.** |
| ૨૪ | ૨૪ | **૬૭** | વીરમદાન ખેંગારદાન ગઢવી | **પી.આઇ. ત.ક.અ.** |
| ૨૫ | ૨૫ | **૭૯** | હીતેન્દ્રસિંહ માધુભા ગઢવી | **પી.આઇ. ત.ક.અ.** |

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા</u>

| **અનુક્રમ નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | **૨૦** | થી પી.એમ. રિપોર્ટ |
| ૨ | **૨૧** | થી શોર્ટ રિપોર્ટ |
| ૩ | **૨૨** | થી હોસ્પિટલના સીલના નમુનાનો પત્ર |
| ૪ | **૨૩** | થી લાશનું પી.એમ. કરી આપવા બાબતે |
| ૫ | **૩૦** | થી ઇન્કવેસ્ટ પંચનામું |
| ૬ | **૩૩** | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ |
| ૭ | **૩૬** | થી અટક પંચનામું |
| ૮ | **૪૦** | થી પંચનામું |
| ૯ | **૪૩** | થી પંચનામું |
| ૧૦ | **૪૬** | થી મરણજનારના મોકાઇલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૧ | **૫૦** | થી ફરિયાદ ફોરવર્ડીંગ રીપોર્ટ |
| ૧૨ | **૫૧** | થી એફ.આઇ.આર. |
| ૧૩ | **૫૩** | થી સ્થળ પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૧૪ | **૫૫** | થી ડેપ્યુટ હુકમ |
| ૧૫ | **૫૬** | થી ડેપ્યુટ હુકમ |
| ૧૬ | **૫૮** | થી  ફરિયાદ |
| ૧૭ | **૫૯** | થી ભારે ગુન્હાનો સ્પે. રિપોર્ટ |
| ૧૮ | **૬૦** | થી મરણોતર ફોર્મ |
| ૧૯ | **૬૧** | થી લાશ સોપ્યાની પંહોચ |
| ૨૦ | **૬૨** | થી બનાવવાળી જગ્યાની વિજીટ કરવા એફ.એસ.એલ. અધિકારીશ્રીને પાઠવેલ યાદી |
| ૨૧ | **૬૩** | થી મુદામાલ વિશેરાનું પૃથ્થકરણ અને તપાસ કરી અભિપ્રાય આપવા બાબતે |
| ૨૨ | **૬૪** | થી રવાનગીપત્ર |
| ૨૩ | **૬૫** | થી મુદામાલ વિશેરાનું પૃથ્થકરણ અને તપાસ કરી અભિપ્રાય આપવા બાબતે |
| ૨૪ | **૬૬** | થી રવાનગીપત્ર |
| ૨૫ | **૬૮** | થી સ્ટે. ડા.નો ઉતારો ક્રમ નં.૧૯ |
| ૨૬ | **૬૯** | થી સ્ટે. ડા.નો ઉતારો ક્રમ નં.૧૨ અને ૧૩ |
| ૨૭ | **૭૦** | થી આરોપીના ફરજ મોકુફીનું હુકમ |
| ૨૮ | **૭૧** | થી પી.એમ.નોટ આપવા કરેલ રિપોર્ટ |
| ૨૯ | **૭૨** | થી એફ.એસ.એલ.ની પહોંચ |
| ૩૦ | **૭૩** | થી હોસ્પિટલના સીલના નમુનાનો પત્ર |
| ૩૧ | **૭૪** | થી આરોપીના લોહીના નમુનાનો રિપોર્ટ |
| ૩૨ | **૭૫** | થી  એફ.એસ.એલ.ની પહોંચ |
| ૩૩ | **૭૬** | થી એફ.એસ.એલ. અહેવાલ પહોંચ |
| ૩૪ | **૭૭** | થી  એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ |
| ૩૫ | **૭૮** | થી એફ.એસ.એલ. અહેવાલ / પરીક્ષણ અહેવાલ |

**(૦૪)** ફરિયાદ પક્ષે આંક–૮૦ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન આવેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે. બચાવમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, "અમો તદ્દન નિર્દોષ છીએ. હાલના બનાવ અંગે કશુ જાણતા નથી. ફરિયાદીની ખોટી ફરિયાદના આધારે ખોટા પંચનામાઓ, ખોટા નિવદનો તથા ખોટા દસ્તાવેજો પાછળથી ઉભા કરી ખોટી રીતે એરેસ્ટ કરેલ છે. અમારા વિરૂદ્ધ પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે."

**(૦૫)** પુરાવાના અંતે ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી ટી.એસ.માથુરનાઓએ મુખ્યત્વે પોતાની દલીલમાં જણાવેલ છે કે, રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈને યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

**(૦૬)** આરોપી તરફે વિ.વકીલશ્રી એ.આર.દેસાઈનાઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલી છે કે, આ કામે ફરિયાદપક્ષે કુલ ૨૫ સાહેદો તપાસેલા છે. પાંચ સરકારી સાહેદો છે. તે સિવાયના તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આ કામના ફરિયાદી મરણ ગયેલ છે. બનાવ નજરે જોનાર સાહેદ તરીકે પીયુષ રૈયાણીને બતાવેલ છે જે હોસ્ટાઈલ જાહેર થયેલ છે. પી.એમ.ના ડોક્ટરનો પુરાવો જોવામાં આવે તો ફાયર આર્મ્સથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે. આ કામે મુદ્દામાલ તરીકે પીસ્તોલ કબજે કરેલ છે જે પીસ્તોલ મારી હોય તેવું રેકર્ડ પર આવતુ નથી. ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આરોપી વિરૂદ્ધ લેશમાત્ર પુરાવો પણ રજુ થતો ન હોય આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

આરોપી પક્ષ તરફે તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખી તેના ઉપર આધાર રાખેલ છે.

૧. (૨૦૨૩)૨, સુપ્રીમ કોર્ટ કેસીસ–૩૪૫, રામ પ્રતાપ વિરૂદ્ધ સ્ટેટ ઓફ હરીયાણા.

૨. ૨૦૨૫–લૉસ્યુટ–(એસ.સી.)૭૯, ગંભીરસીંઘ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ.

**(૦૭)** આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧:–** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ: ૧૫/૦૧/૨૦૨૦ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યે રાજકોટ શહેરમાં આવેલ શાસ્ત્રી મેદાન બસ સ્ટેશનની અંદર આવેલ એસ.ટી. પોલીસ ચોકીમાં ફરિયાદીનો દિકરો મરણ જનાર હિમાંશુ દિનેશભાઈ ગોહેલ જે આરોપીને મેચની ટીકીટ બાબતે મળવા આવેલ ત્યારે આરોપી તેમની સર્વિસ પિસ્તોલ સાફ કરતા હતા અને પિસ્તોલ આવી રીતે સાફ કરવાથી ફાયર થઈ શકે અને કોઈને પણ ઈજા થઈ શકે તેમજ મોત પણ થઈ શકે તેવુ આરોપી જાણતા હોવા છતા, બેદરકારીભરી રીતે આરોપીએ પિસ્તોલ સાફ કરતા અને પિસ્તોલમાંથી ફાયર થતા. ફરિયાદીના દિકરા મરણ જનાર હિમાંશુને આંખના ભાગે ગોળી વાગી જતા અને ગંભીર ઈજા થતા તેના કારણે મરણ જનારનું મોત નીપજાવી આઈ.પી.સી. કલમ–૩૦૪ તેમજ આર્મ્સ એક્ટની કલમ–૩૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨:–** શું હુકમ?

**(૦૮)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણય અર્થેના કારણો નીચે મુજબ છે.

## –// <u>કારણો</u> //–

**(૦૯)** આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૩ થી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૪, આર્મ્સ એકટની કલમ–૩૦ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે. જેનો આરોપી તરફે ઈન્કાર કરતાં સદર કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલો.

**<u>મુદ્દા નં.૧ –</u>**

***<u>ફરિયાદપક્ષનો પુરાવો અને પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>***

**(૧૦)** આ કામે આંક–૫૮ થી ફરિયાદ રજુ થયેલ છે. ફરિયાદ જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસવાળા તેમના ઘરે આવેલા અને કહેલ કે હીમાંશુ તમને શું થાય? જેથી તેમણે કહેલ કે મારો દિકરો છે, તો તેમણે જણાવેલ કે તમે અમારી સાથે ચાલો. જેથી ફરિયાદી અને તેમના જમાઈ રમેશ પ્રેમજીભાઈ સોલંકી રાજકોટ આવેલા હતા. બન્ને જણા બસ સ્ટેન્ડમાં એસ.ટી.પોલીસ ચોકી પર આવેલા જ્યાં પોલીસ ચોકીની અંદર તેમના દિકરા હીમાંશુની લાશ લોહી લુહાણ હાલતમાં પડેલી હતી. જે પોલીસે બતાવેલી અને કહેલ કે આ હીમાંશુને માથામાં ગોળી વાગેલ છે અને આ ગોળી કેવીરીતે વાગેલ તે તેમને ખબર નથી. આ વખતે પોલીસચોકીમાં પીયુષભાઈ હાજર હતા. તેમના દ્વારા જાણવા મળેલ કે પી.એસ.આઈ. રીવોલ્વર સાફ કરતા કરતા ગોળી ફાયર થયેલ છે. જેથી બનાવ શંકાસ્પદ હોય આ અંગે તપાસ કરવા તેમણે ફરિયાદ આપેલ છે. જે ફરિયાદ આ કામે રજુ થયેલ છે. ફરિયાદીનો પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી કારણકે તેઓ મરણ પામેલ છે.

**(૧૧)** ઉપરોકત ફરિયાદ સંદર્ભે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૯ થી ડો. પ્રીન્સકુમાર મણવરને તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, "તા.૧૬/૧/૨૦ ના સવારના ૧૦.૧૦ કલાકે હુ અને મારા સાથી ડોકટરો ડો.એચ.સી.કયાડા અને ડો. ડી.કે.વડગામા અમારી ફરજ ઉપર હાજર હતા ત્યારે એ.ડીવી. પો.સ્ટે. નાં હેડ કોન્સ. આર.એલ.વાઘેલા સબ પરીક્ષણ

માટેના જરૂરી કાગળો સાથે હીંમાશુભાઈ દીનેશભાઈ ગોહેલ ના સબ ને સબ પરીક્ષણ અર્થે અમારા વીભાગમાં લાવેલા હતા. આ સબ નુ સબ પરીક્ષણ અમોએ તે જ દીવસ ના સવારના ૧૦.૧૫ કલાકે શરૂ કરેલુ અને તે જ દીવસના બપોરના ૧૨.૩૦ કલાકે પુર્ણ કરેલુ. અમોએ અમારા પી.એમ. રજીસ્ટરમાં આ સબ પરીક્ષણ ની નોંધ પી.એમ. નં.૧૧૬/૨૦ થી કરેલી હતી. અમોને આશરે ૩૦ વર્ષ ની ઉંમર વાળો ઓળખાયેલો પુરુષ જાતી નો સબ સબ પરીક્ષણ માટે મળેલો હતો. આ સબ ઉપર સફેદ કપડુ ઢાંકેલુ હતુ. સબ ઉપર લાલ કલરનો આખી બાય નો શર્ટ હતો બ્લયુ કલરનુ અન્ડવેર અને બ્લયુ કલરનુ જીન્સ પેંટ હતુ. કપડા અને શરીર ઉપર લોહી ના ડાઘા ઓ હતા. જમણા હાથના કાંડા ઉપર કાળા કલરનો દોરો હતો. જમણા અગ્ર બાહુ ના આગળના ભાગ ઉપર એક ડીઝાઈન વાળુ ટેટુ માર્ક હતુ. સબ ઠંડુ હતુ અને સારા બાંધા અને સારા પૃષ્ઠ નુ હતુ. શરીર અકડાઈ જવાની ક્રીયા સબ ઉપર સ્ટ્રોંગ ફોર્મ માં હતી. પી.એમ. લીવીડીટી શરીર ના પાછળના ભાગ ઉપર દબાણ સીવાય બધા ભાગ ઉપર હાજર હતી. સબ નો ચહેરો કુદરતી હતો,બંને આંખો બંધ હતી,જમણી આંખની આજુબાજુની પેશીઓમાં રકતસ્ત્રાવ જોવા મળતી હતી જેના લીધે તે કાળી દેખાતી હતી. બંને કોર્નીયા ચોખ્ખી હતી. બંને કીકીઓ પહોળી થઈ ગયેલી હતી. બંને કંઝકટાઈવા ફીકકા હતા. મોઢુ અર્ધ ખુલ્લુ હતુ અને જીભ મુખ ગુહાની અંદર હતી. કાન,મોઢુ અને નાક માંથી લોહી બહાર આવતુ હતુ. બાહ્ય જનેન્દ્રીઓ ઉપર કોઈ ઈજા હાજર ન હતી અને રેચન હાજર ન હતુ. બંને હાથ અને બંને પગ સામાન્ય રીતે સીધા હતા. નાક ના રુટ ની જમણી બાજુએ ૦.૬×૦.૭ સે.મી. ના માપનુ પંકચર લેસરેટેડ ઈજા હતી જે ફાયર આર્મ એન્ટ્રીવુંડ ના રુપમાં હતી તે મધ્ય રેખાથી ૧.૫ સે.મી. જમણી બાજુ હતી અને જમણા નેણના અંદરના ખુણા થી જરાક નીચે હતુ આ ઉપંરાત તે પગ ના હીલ થી ૧૫૮ સે.મી. ઉપર હતુ તેની કીનારીઓ અંદરની બાજુએ જતી હતી. આ વુંડ ની આજુ બાજુમાં ૦.૨ થી ૦.૪ સે.મી. ની પહોળાઈ

નુ એબ્રેઝન કોલર હતુ. આ વુંડ ની આજુ બાજુમાં કોઈ બર્નીંગ, બ્લેકનીંગ કે ટેટુઈંગ ની અસર જોવા મળતી ન હતી. આ ઈજા નુ આંતરીક પરીક્ષણ કરતા તે તેની નીચે રહેલા સ્નાયુઓ,ઓરબાઈટલ કેવીટી ના રુફ ના હાડકા માં ૦.૮ સે.મી ના માપનુ હોલ બનાવીને કાપતી હતી. આ ઉપરાંત આ ઈજા નીચેની બાજુએ મગજના આવરણો અને મગજ ને કાપતી હતી. ત્યારબાદ આ ઈજા પરાઈટો ઓકસીપીટલ હાડકામાં ૪×૩ સે.મી ના માપનો હોલ કરી માથાના પરાઈટો ઓકસીપીટલ ભાગમાં બહાર આવતુ હતુ. આ એન્ટ્રીવુંડ અને એકઝીટવુંડ માંથી ઘણા બધા લીનીયન પ્રકારના ફ્રેકચરો જોવા મળતા હતા. ફાયર આર્મ એકઝીટવુંડ માથાના પરાઈટો ઓકસીપીટલ ભાગમાં હતુ તેની સાઈઝ ૪×૨ સે.મી. ના માપની હતી તે પંકચર લેસરેટેડ પ્રકારનુ હતુ અને કૃષીયેટ આકાર નુ હતુ. આ એકઝીટવુંડ એકસર્ટનલ ઓકસીપીટલ પ્રોટ્યુબર્ન્સ થી ૪ સે.મી. ઉપર હતુ અને માથાના પાછળના ભાગમાં મધ્યમાં હતુ આ ઉપરાંત આ વુંડ પગ ના હીલ થી ૧૬૧ સે.મી. ઉપર હતુ. આ ફાયર આર્મ એકઝીટવુંડ ની કીનારીઓ અનીયમીત અને બહારની બાજુએ હતી. આ વુંડ ના આખા ટ્રેક માં લોહી અને અર્ધ જામેલ લોહી થી ભરેલો હતો. મગજ અને ડયુરામેટર એન્ટ્રી અને એકઝીટવુંડ ની જગ્યા ઉપર લેસરેટેડ હતા. મગજ માં બધે સબડયુરલ,સબ એરેકનોઈડ અને એકસ્ટ્ર ડયુરલ પ્રકારનો હેમરેજ જોવા મળતો હતો. શરીર માથી કોઈ ફોરેન બોડી (બુલેટ) મળેલ ન હતી. આ ઘા ની દીશા ઉપરની બાજુ પાછળની બાજુ અને જમણી થી ડાબી બાજુ ની હતી. આ ઈજા મૃત્યુ પહેલાની અને તાજી હતી અને તે ફાયર આર્મ પ્રકારના હથીયારમાંથી ગોળી છુટવાને લીધે થયેલ હતી. જમણા ગ્લુટીયલ રીઝન ની નીચેના ભાગે અંદરની બાજુએ ૨.૫ ×૧ સે.મી. ના માપનો ઘસરકો હતો તેની ઉપર ડાર્ક બ્રાઉન કલરનુ સ્કેબ હતુ. આ ઈજા મૃત્યુ પહેલાની અને મરણ ના ચાર થી સાત દીવસ પહેલાની હતી. મગજ નુ આંતરીક પરીક્ષણ કરતા પી.એમ. નોટ માં કોલમ નં.૧૭ માં દર્શાવેલ પ્રમાણે ની ઈજાઓ હતી.

ગળામાં કાંઈ ખાસ ન હતુ. છાતી ની દીવાલ, પાંશળીઓ ફેફસાનુ બાહય આવરણ સામાન્ય હતા. સ્વાસ નળીની અંત: તવ્ચા ફીકકી હતી. બંને ફેફસાઓ પોચા અને ફીકકા હતા. હદય ના ચારેય ખાનામાં લોહી હતુ અને તેને લોહી પુરતી પાડતી ધમનીઓ ખુલ્લી હતી. પેટ ની દીવાલ,પેટ ના બાહય આવરણ સામાન્ય હતા. મુખ ગુહા અને અન્નનળી ની અંત: તવ્ચા ફીકકી હતી. જઠરમાં આશરે ૮૦ થી ૯૦ સીસી જેટલો પીળા કલરનો અર્ધ ઘન પદાર્થ હતો. તેની અંત: તવ્ચા ફીકકી હતી અને તેમાંથી કોઈ અસામાન્ય દુર્ગંધ આવતી ન હતી. નાના આંતરડામાં પીળા કલરનો પેસ્ટ જેવો પદાર્થ હતો. તેની અંત: તવ્ચા ફીકકી હતી અને તેમાંથી કોઈ અસામાન્ય દુર્ગંધ આવતી ન હતી. મોટા આંતરડામાં ગેસ અને મળ જેવા પદાર્થ હતા. પેટ ના બધા અવયવો ફીકકા હતા. મુત્રાશય ખાલી હતુ. કરોડરજજુ અને કરોડ સ્તંભ સામાન્ય હતા. અમોએ સબ પરીક્ષણ દરમ્યાન બોડી ના જુદા જુદા ભાગના ૧૦ એકસરે લીધેલા હતા. આ સબ પરીક્ષણ નુ વીડીયોગ્રાફી પોલીસ હેડ કવાર્ટર ના હેડ કો.જે.એસ.ડામોર ધ્વારા કરવામાં આવેલ હતુ. અમોએ સબ પરીક્ષણ દરમ્યાન ત્રણ બોટલ માં વીશેરાઓ રાસાયણીક પૃથ્થકરણ માટે લીધેલા હતા. આ ઉપરાંત સબ પરીક્ષણ દરમ્યાન અમોએ એન્ટ્રી અને એકઝીટવુંડ ની ચામડી અને તેની આજુબાજુ માંથી સ્વેબ બેલેસ્ટીક પરીક્ષણ માટે લીધેલા હતા આ ઉપરાંત લોહી નો નમુનો એક કપડા ઉપર લીધેલો હતો તે અમોએ બ્લડ ગ્રુપીંગ અને ક્રોસ મેચીંગ માટે રાખેલો હતો. ઉપરોકત બધા સેમ્પલો યોગ્ય રીતે સીલ અને લેબલ કરી સબ પરીક્ષણ બાદ પોલીસ ને સોંપેલા હતા. મરણજનાર નુ મૃત્યુ માથા માં થયેલી ઈજાના કારણે આઘાત અને લોહી વહી જવાને લીધે થયુ હોવાનુ અમારુ માનવુ છે. આ ઈજા ફાયર આર્મ ડીસ્ચાર્જ થઈ થયેલી હતી.અમોએ વીશેરાઓ રાસાયણીક પૃથ્થકરણ માટે રાખેલા હતા. મરણજનાર નુ મૃત્યુ સબ પરીક્ષણ શરૂ કર્યા ના પહેલાના ૧૨ થી ૨૪ કલાકના ગાળામાં થયુ હોવાનુ અમારુ માનવુ છે. આ અંગે

મે ડો.ડી.કે.વડગામા તથા એચ.સી.કચાડા એ પી.એમ. નોટ તૈયાર કરેલ હતી. મને માર્ક–૯/૨૬ વાળી પી.એમ. નોટ બતાવવામાં આવે છે જે દરેક પાના ઉપર અમારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક– ૨૦** આપવામાં આવે છે. મને માર્ક–૯/૨૩ બતાવવામાં આવે છે જે અમોએ સબ પરીક્ષણ બાદ તૈયાર કરેલ સોર્ટ રીપોર્ટ છે જેમાં અમોએ મરણજનાર ના મૃત્યુ અંગે અભીપ્રાય આપેલ છે જેમાં નીચે અમારી સહી અને સીકકા કરેલા છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૨૧** આપવામાં આવે છે. મને માર્ક–૯/૨૪ બતાવવામાં આવે છે જે અમોએ લાશ ઉપરથી લીધેલા સેમ્પલો ને એફ.એસ.એલ માં મોકલવા માટેનો ફોરવડીંગ લેટર છે જે મારા હસ્તાક્ષર માં છે અને નીચે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૨૨** આપવામાં આવે છે." "**આમ, પી.એમ. નોટ જોતા મરણજનારનું મૃત્યુ ફાયર આર્મ પ્રકારના હથિયાર માંથી ગોળી છુટવાના લીધેલ થયેલ હતુ.**

**(૧૨)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સાહેદ ઈલાબેન ગોહેલને આંક–૨૪ થી તપાસેલા છે. જેઓ મરણજનારના પત્ની થાય છે. બનાવ વિશે તેમને કાંઈ ખબર નથી. પાછળથી પણ તેમને કાંઈ જાણવા મળેલુ નહીં. ત્યારબાદ આંક–૨૫ થી સાહેદ ભાનુબેન ગોહેલને તપાસેલા છે. જેઓ મરણજનારના માતા થાય છે. તેમના પુત્રના અવસાન બાબતે તેઓ કાંઈ જાણતા નથી. આંક–૨૬ થી સાહેદ રજનીભાઈ રામજીભાઈ પરમારને આંક–૨૬ થી તપાસેલા છે. જે મરણજનારનો ભાઈ થાય છે. તેનું અવસાન થયેલુ તેની તેમને ખબર નથી. આંક–૨૭ થી સાહેદ રમેશ પરમારને તપાસેલા છે. મરણજનાર તેમના સાળા થાય છે. બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી અને પાછળથી પણ કાંઈ જાણવા મળેલુ નહીં. આંક–૨૮ થી સાહેદ વિનોદભાઈ ડાયાભાઈને તપાસેલા છે. મરણજનાર તેમના માસીના દિકરા થતા હતા, તેમના મૃત્યુ બાબતે તેઓ કાંઈ જાણતા નથી. ત્યારબાદ આંક–૪૮ થી પીયુષ શંભુભાઈને તપાસેલા છે. બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી. તેઓએ જણાવેલ છે કે તેમની હાજરીમાં કોઈ ફાયરીંગ થયેલ હોય અને

કોઈને ઈજા થયેલ હોય તેવું બનેલ નથી. તેમણે બનાવવાળી જગ્યા પણ બતાવેલ હોય તેવું બનેલ નથી. આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

આમ, આ સાહેદોનો પુરાવો જોતા મરણજનારના સગા સબંધીએ બનાવ નજરે જોયેલો નથી. બનાવ વખતે તેઓ હાજર ન હતા અને બનાવની તેમને પાછળથી પણ કાંઈ ખબર પડેલી નહીં. આ કામના ફરિયાદી મરણ ગયેલ છે. એક સ્વતંત્ર સાહેદ અને નજરે જોનાર સાહેદ તરીકે પીયુષ શંભુભાઈને તપાસેલા છે. તેઓ પણ હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને બનાવ અંગેની કોઈ હકીકત જણાવતા નથી. જેથી આ તમામ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**(૧૩)** આંક–૨૯ થી સાહેદ હનીફભાઈ શેખને તેમજ આંક–૩૧ થી બકુલભાઈ ચંદુભાઈ મહેતાને તપાસેલા છે. જેઓ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે. પંચનામા બાબતે તેમને કાંઈ ખબર નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ત્યારબાદ આંક–૩૨ થી રાજેશભાઈ પ્રવિણભાઈને તેમજ આંક–૩૪ થી ભુષણભાઈ જયંતિભાઈને તપાસેલા છે. તેઓ સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ છે. પંચનામા બાબતે કાંઈ જાણતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ત્યારબાદ આંક–૩૫ થી સાહેદ મનોજ રાઠોડને તેમજ આંક–૩૭ થી સાહેદ દિપક કડેચાને તપાસેલા છે. તેઓ અટક પંચનામાના પંચ છે. પંચનામા બાબતે કાંઈ જાણતા નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ત્યારબાદ આંક–૩૯ થી જીજ્ઞેશ શાહને તેમજ આંક–૪૧ થી સાહેદ અમર પંડ્યાને તપાસેલા છે. તેઓ આંક–૪૦ ના પંચ સાહેદ છે. તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. તેમને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ત્યારબાદ આંક–૪૨ થી સતીષ પરમાર તેમજ આંક–૪૪ થી કાસમ સુમરાને તપાસેલા છે. જેઓએ આંક–૪૩ વાળા પંચનામુ સી.સી.ટી.વી. ફુટેજ કબજે કર્યાના પંચો છે. જેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ત્યારબાદ આંક–૪૫ થી અમીનભાઈ અજીતભાઈને તેમજ આંક–૪૭ થી જુસબ શેખને તપાસેલા છે. તેઓએ આંક–૪૬ વાળા મરણજનારના મોબાઈલ કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે સહી કરેલ છે, તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

આ તમામ પંચસાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેમની

જુબાનીથી ઉપરોક્ત રજુ થયેલ પંચનામાઓની હકીકતો પુરવાર થતી નથી. જેથી પંચસાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થતો નથી.

**(૧૪)** ત્યારબાદ આંક–૪૯ થી પ્રવિણાબેન સોડાતરને તપાસેલા છે. જેઓએ આ કામે ફરિયાદીની ફરિયાદ આધારે ગુનો દાખલ કરેલ છે. તે સિવાય તેમણે કોઈ કાર્યવાહી કરેલી નથી. ત્યારબાદ આંક–પર થી ચૈતન્ય કરથીયા ભાઈને તપાસેલા છે. જેઓ સાયન્ટીફીક ઓફીસર છે. તેઓએ જણાવેલ છે કે તેઓ તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ મોબાઈલ વાન એફ.એસ.એલ.કચેરીમાં હાજર હતા ત્યારે કલાક ૧૮–૪૫ વાગ્યે એ–ડીવી. ના પી.આઈ. જાડેજા દ્વારા ટેલીફોનીક વર્ધી મળેલ જે અનુસંધાને તેઓ લીમડા ચોક શાસ્ત્રીમેદાન પાસે આવેલ બસ સ્ટેન્ડમાં બનાવવાળી જગ્યાએ ગયેલ જ્યાં બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કરી રીપોર્ટ તૈયાર કરેલો અને બનાવવાળી જગ્યાથી જરૂરી નમુના કબજે લેવા સુચન કરેલુ અને તેમનો સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૫૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૨૨ થી પી.એસ.ઓ. ભીખાલાલ કુલતરીયાને તપાસેલા છે, જેઓ એ–ડીવી.માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. ઈન્વે. હેડ કોન્સ.આર.એ.વાઘેલાએ ફોનથી જણાવેલ કે તા. ૧૫/૦૧/૨૦૨૦ ના કલાક ૧૭–૧૦ વાગ્યે પી.એસ.આઈ., પી.પી.ચાવડા સાહેબથી એસ.ટી.ચોકીમાં પીસ્તોલ સાફ કરતા અકસ્માતે ફાયર થતા એક ઈસમ હીમાંશુ દીનેશભાઈને ગોળી વાગેલી જે અંગે ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ ના ઈ.એમ.ટી. નીલેશભાઈએ હીમાંશુને મરણ ગયેલ જાહેર કરેલ છે. જે અંગેની નોંધ સ્ટે.ડાયરી ૧૩/૨૦ થી કરવામાં આવેલ અને તે અંગેની તપાસ પી.આઈ. જાડેજાને સોંપેલ છે અને ડેપ્યુટ હુકમ આંક–૫૫ થી આપવામાં આવેલ છે.

**(૧૫)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૫૭ થી ત.ક.અમલદાર નવલસિંહ ખેંગારસિંહ જાડેજાને તપાસેલા છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, "ગઈ તા.૧૫/૧/૨૦ ના રોજ આંક–૫૫ વાળો મને ડેપ્યુટ હુકમ મળતા હાલનો બનાવ ની તપાસ મે શરૂ કરેલી. મે સૌપ્રથમ દીનેશભાઈ વીઠ્ઠલભાઈ ગોહેલ જાતે ધોબી ના લખાવ્યા મુજબની ફરીયાદ મારા

રૂબરૂ લીધેલી અને ફરીયાદ ના અંતે ફરીયાદી ની સહી લીધેલી અને રૂબરૂપણામાં મારી સહી કરેલી જે મને બતાવવામાં આવે છે જે આ કામમાં માર્ક–૯/૨ થી રજુ છે જેમાં ફરીયાદી ની તથા મારી સહી છેજે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૫૮** આપવામાં આવે છે. તચારબાદ હાલના ગુનાના તપાસ ની બાબતે મે ભારે ગુનાનો રીપોર્ટ કરેલ હતો જે આ કામમાં માર્ક–૯/૬ થી રજુ રાખેલ છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૫૯** આપવામાં આવે છે. ત્યારબાદ મરણજનાર ની લાશ નુ પી.એમ કરાવેલ હતુ અને તે અંગે પીડીયુ કોલેજ ને ફોરવડીંગ પત્ર લખેલ હતો મને આંક–૨૩ વાળો ફોરવડીંગ પત્ર બતાવવામાં આવે છે જે પી.એમ. કરવા મે લખેલ પત્ર છે જે ઓળખી બતાવુ છુ. મને માર્ક–૯/૮ વાળુ મરણોત્તર ફોર્મ બતાવવામાં આવે છે જે મારા રૂબરૂ ભરવામાં આવેલ છે તે છે જે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક– ૬૦** આપવામાં આવે છે. મરણજનાર નુ પી.એમ. કરાવતા પહેલા બે પંચો રૂબરૂ મરણજનાર ની લાશ નુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ હતુ મને આંક–૩૦ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રૂબરૂપણામાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. પી.એમ. થઈ ગયા બાદ મરણજનાર ની લાશ ને તેના સગા ને સોંપેલ હતી મને માર્ક–૯/૧૦ બતાવાવમાં આવે છે જે લાશ સોંપ્યા અંગેની પહોંચ છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ રજુ દાખલ **આંક–૬૧** આપવામાં આવે છે. ત્યારબાદ બે પંચો રૂબરૂ બનાવ વાળી જગ્યા સાહેદ પીયુષભાઈ શંભુભાઈ રૈયાણી એ બતાવતા સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરેલ હતુ અને સ્થાનીક જગ્યાએથી જરૂરી નમુના કબજે કરેલ હતા. મને આંક–૩૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા રૂબરૂપણામાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલ હતા. મે તા. ૧૬/૧/૨૦ ના રોજ આરોપી પી.પી.ચાવડા સાહેબ ને બે પંચો રૂબરૂ પંચનામાની વીગતે અટક કરેલ હતા. મને આંક–૩૬ વાળુ પંચનામુ

બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. મે મારી તપાસ દરમ્યાન મરણજનાર ના કપડા તથા નમુનાઓ પી.એમ. થયા બાદ ડોકટરશ્રી ને સોંપતા હે.કો. રવીભાઈ વાઘેલા મારફતે રજુ થતા કબજે કરેલ હતા. મને આંક–૪૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે મરણજનાર કપડા તથા નમુના કબજે કર્યા નુ પંચનામુ છે જેમાં પંચો ની તથા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. મે બનાવ વાળી જગ્યાએ એફ.એસ.એલ અધીકારી ને બોલાવી તેનો અહેવાલ મેળવી તપાસ ના કામમાં સામેલ રાખેલ હતો. મને માર્ક–૯/૧૯ બતાવવામાં આવે છે જે મે એફ.એસ.એલ વાન ના સાઈન્ટીફ ઓફીસર ને વીઝીટ કરવા લખેલ પત્ર છે જેમાં મારી સહી છેજે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૬૨** આપવામાં આવે છે. તપાસ ના કામમાં મે બનાવ વાળી જગ્યાના સીસીટીવી ફુટેજ બે પંચો રૂબરૂ પંચનામાની વીગતે કબજે કરેલ હતા. મને આંક–૪૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે સીસીટીવી ફુટેજ કબજે કર્યા નુ પંચનામુ છે જેમાં પંચો ની તથા રૂબરૂ માં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. તપાસ ના કામે મરણજનાર હીમાંશુ દીનેશભાઈ નો મોબાઈલ ઈન્કવેસ્ટ પંચનામા દરમ્યાન લેવામા આવેલ હતો તથા પી.એસ.આઈ પી.પી.ચાવડા નો મોબાઈલ કબજે કરેલ હતો તે બંને મોબાઈલ પી.એસ.આઈ. એસ.વી.શાખરાનાઓએ એનાલીસીસ કરવા લઈ ગયેલ હોય જે લાવી રજુ કરતા બે પંચો રૂબરૂ પંચનામાની વીગતે કબજે કરેલ હતા. મને આં ક–૪૬ વાળુ મોબાઈલ કબજે કર્યા નુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. ત્યારબાદ કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ તપાસણી અર્થે એફ.એસ.એલ કચેરી રાજકોટ ને રવાનગી નોંધ સાથે મોકલાવેલ હતો. મને માર્ક–૯/૨૭ તથા ૯/૨૮ અને ૯/૩૦ ,૯/૩૧ વાળી મુદ્દામાલ રવાનગી નોંધ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે અનુક્રમે રજુ દાખલ **આંક–૬૩ થી ૬૬** આપવામાં

આવે છે. આરોપી ને મારા રૂબરૂ અટક કરવામાં આવેલ હોય જેથી જોયેથી ઓળખી બતાવુ છુ જે આજરોજ કોર્ટ માં હાજર છે”.

**(૧૬)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સાહેદ **વિરમદાન ખેંગારદાન ગઢવીને આંક–૬૭** થી તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, “ગઈ તા. ૭/૯/૨૦ ના અરસામાં અમો રાજકોટ ડીસીબી પો.સ્ટે. મા પી.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે ગુ.નં.૦૦૨૧/૨૦ ની તપાસ અમોએ પી.આઈ. એચ.એમ.ગઢવી પાસેથી સંભાળેલ હતી અને અમારી તપાસ દરમ્યાન ફરીયાદી દીનેશભાઈ વીઠૃલભાઈ ગોહેલ નુ વીશેષ નીવેદન લીધેલ હતુ તેમજ સાહેદ ઈલાબેન હીમાંશુભાઈ ગોહેલ,ભાનુબેન દીનેશભાઈ ગોહેલ વીગેરેના વીશેષ નીવેદન લીધેલા અને આરોપી પ્રદીપસીંહ પ્રવીણસીંહ ચાવડા વીરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટ માં ચાર્જશીટ કરેલ હતુ. મને માર્ક–૯/૧૩ વાળો સ્ટે.ડા નં.૧૯/૨૦ નો ઉતારો બતાવવામાં આવે છે જે આ કામમાં તપાસ દરમ્યાન મેળવવા માં આવેલ હતો તે જ છે જે રજુ દાખલ **આંક–૬૮** આપવામાં આવે છે. મને માર્ક–૯/૧૫ વાળો સ્ટે.ડા નં .૧૨/૨૦ અને ૧૩/૨૦ નો ઉતારો બતાવવામાં આવે છે જે તપાસ દરમ્યાન મેળવેલ હતો જે તપાસ ના કામમાં સામેલ હતો જે રજુ દાખલ **આંક–૬૯** આપવામાં આવે છે. મને માર્ક–૯/૨૨ બતાવવામાં આવે છે જે આરોપી ને ફરજ મોકુફી કરેલ તેનો હુકમ છે જેમાં નાયબ પોલીસ કમીશ્નર ઝોન –૧ રવી મોહન સૈની ની સહી છે રજુ દાખલ **આંક–૭૦** આપવામાં આવે છે. મને માર્ક–૯/૨૫ બતાવવામાં આવે છે જે એ ડીવી. ના હે.કો. એ પી.એમ. નોટ આપવા ફોરેન્સીક મેડીસીન વીભાગ રાજકોટ ને લખેલ પત્ર છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવુ રજુ દાખલ **આંક–૭૧** આપવામાં આવે છે. મને માર્ક–૯/૨૯ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ કચેરી રાજકોટ ને મુદ્દામાલ મળી ગયા ની પહોંચ છે જેમાં એફ.એસ.એલ અધીકારી ની સહી છે જે રજુ દાખલ **આંક–૭૨** આપવામાં આવે છે. મને માર્ક–૯/૩૨

બતાવવામાં આવે છે જે સીવીલ હોસ્પીટલ ના ડોકટર એ જરૂરી નમુનાઓ લીધેલ તેની પહોંચ ની ખરી નકલ છે જે તપાસ દરમ્યાન મેળવેલ અને તપાસ ના કામમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દાખલ **આંક–૭૩** આપવામાં આવે છે. મને માર્ક–૯/૩૩ બતાવવામાં આવે છે જે આરોપી ના બ્લડ સેમ્પલ મેડીકલ ઓફીસર સીવીલ હોસ્પીટલ નાઓએ લઈ એફ.એસ.એલ.કચેરી ને મોકલેલ તેની પહોંચ છે જેમાં મેડીકલ ઓફીસર ની સહી છે જે રજુ દાખલ **આંક–૭૪** આપવામાં આવે છે. મને માર્ક–૯/૩૪ બતાવવામાં આવે છે જે કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ ગાંધીનગર ને પરીક્ષણ અર્થે મોકલેલ તે મળી ગયાની પહોંચ છે જેમાં એફ.એસ.એલ અધીકારી ની સહી છે રજુ દાખલ **આંક–૭૫** આપવામાં આવે છે. મને માર્ક–૯/૩૫ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ કચેરી રાજકોટ ના ઝેર શાસ્ત્ર વીભાગ નો પરીક્ષણ અહેવાલ છે જેમાં એફ.એસ.એલ અધીકારી પી.ડી.ચૌધરી ની સહી છે જે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૭૬** આપવામાં આવે છે. મને માર્ક–૯/૩૬ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ કચેરી રાજકોટ ના ઝેર શાસ્ત્ર વીભાગ નો પરીક્ષણ અહેવાલ છે જેમાં એફ.એસ.એલ અધીકારી પી.ડી.ચૌધરી ની સહી છે જે ઓળખી બતાવુ છુ રજુ દાખલ **આંક–૭૭** આપવામાં આવે છે.
મને માર્ક– ૯/૩૭,૯/૩૮ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ કચેરી ગાંધીનગર નો રીપોર્ટ છે જેમાં એફ.એસ.એલ અધીકારી એસ.એલ.ઓતીયા ની સહી છે જે સંયુકત રજુ દાખલ **આંક–૭૮** આપવામાં આવે છે. "

**(૧૭)** ફરીયાદ પક્ષે **સાહેદ નં.૨૫ તરીકે હિતેન્દ્રસિંહ માધુભા ગઢવી ને આંક–૭૯ થી તપાસેલ છે**. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "જાન્યુ–૨૦૨૦ ના અરસામાં અમો રાજકોટ ડીસીબી પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ પર હતા તયારે અમારી ફરજ દરમ્યાન એ.ડીવી. પો.સ્ટે. ગુ.નં.૦૦૨૧/૨૦ ઈ.પી.કો.કલમ–૩૦૪ વીગેરે ની તપાસ

અમોને મળતા અમોએ અમારી તપાસ દરમ્યાન સાહેદ પીયુષ શંભુભાઈ રૈયાણી, રજનીભાઈ રામજીભાઈ પરમાર, ઈલાબેન હીમાંશુભાઈ ગોહેલ, ભાનુબેન દીનેશભાઈ ગોહેલ વીગેરે ના વીશેષ નીવેદનો લીધેલા.ત્યારબાદ અમારી આઈ.બી. બદલી થતા આગળની તપાસ પી.આઈ. વી.કે.ગઢવી નાઓએ સંભાળેલ હતી.”

(૧૮) ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આંક–૫૩ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ થયેલ છે. જે જોતા બનાવના દિવસેજ એફ.એસ.એલ.અધિકારી દ્ધારા સ્થળ પરીક્ષણ કરવામાં આવેલ છે. બનાવવાળુ સ્થળ જોવામાં આવે તો એસ.ટી.પોલીસ ચોકીની અંદર બનાવ બનેલ છે. ચોકીની અંદરથી એક બુલેટનું એમ્પ્ટી કેસ મળી આવેલ છે અને સ્થળ પરીક્ષણ કરનાર અધિકારીએ જરૂરી સુચનો કરેલા છે. મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે પરંતુ તેમાંથી કોઈ પુરાવો મળી આવેલ નથી. પી.એમ. નોટ જોતા આંક–૨૧ થી પી.એમ. કરનાર ડોક્ટરોએ શોર્ટ રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ એફ.એસ.એલ.નો રીપોર્ટ આવ્યા બાદ મરણજનારના મૃત્યુ અંગેનું ફાઈનલ કોઝ ઓફ ડેથ મેળવવામાં આવેલ નથી. આંક–૭૭ થી એફ.એસ.એલ.નો ઝેર શાસ્ત્રનો પરીક્ષણ અહેવાલ રજુ થયેલ છે પરંતુ વિશેરામાંથી કોઈ રાસાયણીક ઝેરની હાજરી મળી આવેલ નથી. ત્યારબાદ આંક–૭૮ થી એફ.એસ.એલ.નો બેલીસ્ટીક ડીપાર્ટમેન્ટનો રીપોર્ટ રજુ થયેલ છે. તેનો અભિપ્રાય જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, **પીસ્તોલનો પ્રયોગશાળામાં સ્વીકાર્યા પહેલા ફાયરીંગમાં ઉપયોગ થયેલ છે. પીસ્તોલમાં ચેમ્બર કરી ફોડવાનો પ્રયત્ન કરતા ત્રણ કારતુસ સફળતાપૂર્વક ફુટેલા હતા જે દર્શાવે છે કે પીસ્તોલ ચાલુ હાલતમાં હતી. કારતુસ જીવતા જણાયેલા. કારતુસનું ખોખુ એ પીસ્તોલમાંથી ફાયર થયેલ છે. બુલેટ પણ પીસ્તોલમાંથી ફાયર થયેલી છે.**

(૧૯) ત.ક.અમલદાર નવલસિંહ ખેંગારજી જાડેજાની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ તેમાં જણાવેલ છે કે, તેઓએ આ ગુનામાં હેડ કોન્સ. આર.એલ.વાઘેલા, પી.એસ.ઓ. ભીખાભાઈ કુલતરીયા, ૧૦૮ ના

કર્મચારી નિલેશભાઈ, પી.એસ.આઈ. સાખરા, વિગેરેના કોઈ નિવેદન લીધેલ નથી. બનાવના દિવસે, બનાવના સમયે આરોપી પી.પી.ચાવડા બસ સ્ટેન્ડ પોલીસ ચોકીમાં ફરજ ઉપર હતા તે બાબતેનો કોઈ લેખિત આધાર કે પુરાવો તપાસના કામે કબજે કરેલ નથી. એસ.ટી.બસ સ્ટેશનના કોઈ સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલ નથી. તેમની તપાસ દરમ્યાન એવું માલુમ પડેલુ કે ગુજરનાર માનસીક રીતે ઘણાં લાંબા સમયથી અસ્વસ્થ હતા. બનાવના દિવસે બનાવના સમયે પોલીસ ચોકીમાં જે કર્મચારી ફરજ ઉપર હતા તેઓના કોઈ નિવેદન નોંધેલ નથી. પોલીસ હેડક્વાર્ટરમાં જે રીવોલ્વર પીસ્તોલ એલોટ કરવામાં આવે છે તે સંબંધે કોઈ લાગતા વળગતા કર્મચારીના નિવેદન લીધેલ નથી કે કોઈ કાગળો મેળવેલ નથી.

**(૨૦)** આમ, ફરિયાદપક્ષનો ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતા અને તેનું પુરાવામાં મુલ્યાંકન કરતા હાલના આરોપી વિરૂદ્ધ આંક–૧૩ મુજબ જે ચાર્જ ફરમાવવામાં આવેલ છે તે ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે ત.ક.અમલદારનો પુરાવો જોતા એ હકીકત સ્પષ્ટ રીતે બહાર આવે છે કે ત.ક.અમલદારે તપાસમાં ગંભીર બેદરકારી દાખવેલ છે. યોગ્ય રીતે તપાસ કરેલ નથી અને ચાર ચાર ત.ક.અમલદારો હોવા છતાં ગુનાની યોગ્ય રીતે તપાસ કરવામાં આવેલ નથી. સદરહુ કેસનું રેકર્ડ જોતા ત.ક.અધિકારી દ્વારા આરોપીને બચાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આરોપી એક પી.એસ.આઈ. કક્ષાના વ્યક્તિ છે. બનાવ પોલીસ ચોકીમાં બનેલ છે તેમ છતાં પોલીસ ચોકીમાં બનાવ વખતે હાજર એકપણ સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી. આરોપી બનાવા દિવસે અને સમયે પોતે પોતાની ફરજ ઉપર હાજર હતો કે કેમ ? તે અંગેનો પણ કોઈ પુરાવો મેળવવામાં આવેલ નથી. પીસ્તોલ પણ આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તેમ છતાં આ પીસ્તોલ આરોપીને આપવામાં આવેલી તે અંગેનો પણ કોઈ પુરાવો મેળવવામાં આવેલો નથી. દસ્તાવેજી પુરાવા જોતા પણ મરણજનાર એસ.ટી.પોલીસ ચોકીમાં આ કામના આરોપી પી.એસ.આઈ.ને મેચની ટીકીટ બાબતે મળવા જાય છે અને આરોપી પોતાની સર્વીસ પીસ્તોલ સાફ કરતા હતા અને સાફ કરતા હતા ત્યારે પીસ્તોલમાંથી ફાયર થતા મરણજનારને આંખના ભાગે વાગી જતા મૃત્યુ થયેલ છે. ત.ક.અમલદાર દ્વારા ખરેખર

મરણજનારનું મૃત્યુ કેવા સંજોગોમાં અને કઈ રીતે થયુ છે તે અંગેની કોઈ જ તપાસ કરવામાં આવેલ નથી. ફાઈનલ કોઝ ઓફ ડેથ પણ મેળવવામાં આવેલ નથી. બનાવ જ્યારે પોલીસચોકીમાં બનેલો હતો અને મરણજનારના પિતાને બનાવ બાબતે કાંઈ જ ખબર ન હતી તેમ છતાં ફરિયાદી મરણજનારના પિતાને બનાવવામાં આવેલ છે. આ કામે બનાવ બન્યા બાદ પણ જે સાહેદોને બનાવની કોઈ જ ખબર નથી તેવા સાહેદોના પાછળથી વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમજ ગૃહમંત્રીને અરજી કરવામાં આવેલ છે. સી.સી.ટી.વી. ફુટેજને પણ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી. આ તમામ હકીકતો જોતા સદરહુ કામે નિષ્પક્ષ તપાસ થયેલ હોવાનું બહાર આવતુ નથી.

**(૨૧)** ફરિયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા પણ આ કામે સૌપ્રથમ બનાવની જે માહિતી આપેલ છે એવા આર.એલ.વાઘેલાને તપાસેલા નથી. મરણજનારનું મૃત્યુ ગોળી વાગવાના કારણે થયેલુ છે તેવા સંજોગોમાં એફ.એસ.એલ.અધિકારીને તપાસવા જોઈતા હતા જેથી મરણજનારનું મૃત્યુ કેવા સંજોગોમાં થયેલુ છે તે હકીકત જાહેર થઈ શકે તેમ હતી. વધુમાં સી.સી.ટી.વી. ફુટેજ ની સી.ડી. રજુ કરવામાં આવેલ છે પરંતુ ફરિયાદપક્ષ તરફથી આ સી.ડી. ને રેકર્ડ પર રજુ રાખી શકેલ નથી. આ સી.ડી.માં આરોપીની બનાવ સ્થળે હાજરી જણાઈ આવે છે તેમ છતાં પણ આ પુરાવો રેકર્ડ પર રજુ થતો નથી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય પોલીસ સાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**Tabulated Charts as per direction given by Hon'ble SUPREME COURT OF INDIA in CRIMINAL APPEAL NO(S). 2973 of 2023, MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) ....APPELLANT(S) VERSUS STATE OF GUJARAT ....RESPONDENT(S), DECIDEC ON–15/12/2025**

## Chart for Witnesses Examined

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૦૧ | ડો.પ્રીન્સકુમાર જયંતીલાલ | **તબીબી સાહેદ** |

| | | |
|---|---|---|
| | મણવરની જુબાની | |
| ૦૨ | ઈલાબેન હીમાંશુભાઈ ગોહેલની જુબાની | **મરણજનારના પત્નિ (હોસ્ટાઈલ)** |
| ૦૩ | ભાનુબેન દીનેશભાઈ ગોહેલની જુબાની | **મરણજનારના માતા (હોસ્ટાઈલ)** |
| ૦૪ | રજનીભાઈ રાનજીભાઈ પરમારની જુબાની | **મરણજનારના ભાઈ (હોસ્ટાઈલ)** |
| ૦૫ | રમેશ પ્રેમજીભાઈ પરમારની જુબાની | **મરણજનારના બનેવી (હોસ્ટાઈલ)** |
| ૦૬ | વીનોદભાઈ ડાયાભાઈ જેઠવાની જુબાની | **મરણજનારના ભાઈ (હોસ્ટાઈલ)** |
| ૦૭ | હનીફભાઈ કાળાભાઈ શેખ | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૦૮ | બકુલભાઈ ચંદુભાઈ મહેતા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૦૯ | રાજેશભાઈ પ્રવીણભાઈ બારભાયા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૦ | ભુષણભાઈ જયંતભાઈ કેશરીયા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૧ | મનોજભાઈ મુળજીભાઈ રાઠોડ | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૨ | દીપકભાઈ વીનોદરાય કડેચા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૩ | જીગ્નેશભાઈ પ્રમોદભાઈ શાહ | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૪ | અમરભાઈ વીપુલભાઈ પંડ્યા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૫ | સતીષભાઈ કીશોરભાઈ પરમાર | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૬ | કાસમભાઈ હારૂનભાઈ સુમરા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૭ | અમીનભાઈ અજીતભાઈ નગરીયા | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |
| ૧૮ | જુસબ આમદભાઈ શેખ | **ઈન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઈલ)** |

| | | |
|---|---|---|
| ૧૯ | પીયુશભાઇ શંભુભાઇ રૈયાણી | **ઇન્કવેસ્ટ પંચનામાંના પંચ (હોસ્ટાઇલ)** |
| ૨૦ | પ્રવીણાબેન હરીદાનભાઇ સોઢાતર | **પી.એસ.ઓ.** |
| ૨૧ | ચૈતન્ય જસવંતભાઇ કરથીયા | **એફ.એસ.એલ. અધિકારી** |
| ૨૨ | ભીખાલાલ અમરશીભાઇ કુલતરીયા | **પી.એસ.ઓ.** |
| ૨૩ | નવલસિંહ ખેંગારજી જાડેજા | **નિવૃત પી.આઇ.** |
| ૨૪ | વીરમદાન ખેંગારદાન ગઢવી | **પી.આઇ. ત.ક.અ.** |
| ૨૫ | હીતેન્દ્રસિંહ માધુભા ગઢવી | **પી.આઇ. ત.ક.અ.** |

## Chart for Exhibited Documents

| **Exhibit No.** | **Description of the Exhibit** | **Proved by/Attested by** |
|---|---|---|
| **૨૦** | થી પી.એમ. રિપોર્ટ | PW–1 |
| **૨૧** | થી શોર્ટ રિપોર્ટ | PW–1 |
| **૨૨** | થી હોસ્પિટલના સીલના નમુનાનો પત્ર | PW–1 |
| **૨૩** | થી લાશનું પી.એમ. કરી આપવા બાબતે | PW–23 |
| **૩૦** | થી ઇન્કવેસ્ટ પંચનામું | PW–23 |
| **૩૩** | થી સ્થાનિક જગ્યાનું પંચનામુ | PW–23 |
| **૩૬** | થી અટક પંચનામું | PW–23 |
| **૪૦** | થી પંચનામું | PW–23 |
| **૪૩** | થી પંચનામું | PW–23 |
| **૪૬** | થી મરણજનારના મોકાઇલ કબજે કર્યાનું પંચનામું | PW–22 |
| **૫૦** | થી ફરિયાદ ફોરવર્ડીંગ રીપોર્ટ | PW–20 |
| **૫૧** | થી એફ.આઇ.આર. | PW–20 |
| **૫૩** | થી સ્થળ પરીક્ષણ અહેવાલ | PW–21 |

| | | |
|---|---|---|
| ૫૫ | થી ડેપ્યુટ હુકમ | PW–21 |
| ૫૬ | થી ડેપ્યુટ હુકમ | PW–21 |
| ૫૮ | થી ફરિયાદ | PW–22 |
| ૫૯ | થી ભારે ગુન્હાનો સ્પે. રિપોર્ટ | PW–22 |
| ૬૦ | થી મરણોતર ફોર્મ | PW–22 |
| ૬૧ | થી લાશ સોપ્યાની પંહોચ | PW–22 |
| ૬૨ | થી બનાવવાળી જગ્યાની વિજીટ કરવા એફ.એસ.એલ. અધિકારીશ્રીને પાઠવેલ યાદી | PW–22 |
| ૬૩ | થી મુદામાલ વિશેરાનું પૃથ્થકરણ અને તપાસ કરી અભિપ્રાય આપવા બાબતે | PW–22 |
| ૬૪ | થી રવાનગીપત્ર | PW–22 |
| ૬૫ | થી મુદામાલ વિશેરાનું પૃથ્થકરણ અને તપાસ કરી અભિપ્રાય આપવા બાબતે | PW–22 |
| ૬૬ | થી રવાનગીપત્ર | PW–22 |
| ૬૮ | થી સ્ટે. ડા.નો ઉતારો ક્રમ નં.૧૯ | PW–24 |
| ૬૯ | થી સ્ટે. ડા.નો ઉતારો ક્રમ નં.૧૨ અને ૧૩ | PW–24 |
| ૭૦ | થી આરોપીના ફરજ મોકુફીનું હુકમ | PW–24 |
| ૭૧ | થી પી.એમ.નોટ આપવા કરેલ રિપોર્ટ | PW–24 |
| ૭૨ | થી એફ.એસ.એલ.ની પહોંચ | PW–24 |
| ૭૩ | થી હોસ્પિટલના સીલના નમુનાનો પત્ર | PW–24 |
| ૭૪ | થી આરોપીના લોહીના નમુનાનો રિપોર્ટ | PW–24 |
| ૭૫ | થી એફ.એસ.એલ.ની પહોંચ | PW–24 |

| | | |
|---|---|---|
| **૭૬** | થી એફ.એસ.એલ. અહેવાલ પહોંચ | PW–24 |
| **૭૭** | થી એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ | PW–24 |
| **૭૮** | થી એફ.એસ.એલ. અહેવાલ / પરીક્ષણ અહેવાલ | PW–24 |

## Chart for Material Objects/Muddamals ::–

| Material Object No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૦૧ | એક ટુવાલ, એક કોટન ફ્રેન્ડ ઉપર બ્લડ સેમ્પલ છે તે, એક કોટન થ્રેડ ઉપર લોહીના ધાબાની બાજુમાંથી કંટ્રોલ સેમ્પલ લીધેલ છે તે, એક ફૂટેલી બુલેટ નું સાત એમએમ લખાણ ધરાવતું કેસ, દક્ષિણ તરફના ટેબલ તથા ખુરશી ઉપર કોટન ઘસીને લીધેલ નમુનો, દક્ષિણ તરફના ટેબલ તથા ખુરશીની બાજુમાંથી કોટન થ્રેડમાં કંટ્રોલ સેમ્પલ લીધેલ છે તે, એક કોપર જેકેટ બુલેટ, એક બુલેટના કાણાવાળી એલ્યુમિનિયમ ની પટ્ટી | PW–24 |
| ૦૨ | જમણા હાથનો લીધેલ હેન્ડવોશ, ડાબા હાથનો લીધેલ હેન્ડવોશ,લીધેલ કન્ટ્રોલ સેમ્પલ નમુના, એક કાળા કલરની પીસ્ટલ જેના ઉપર સફેદ અક્ષરથી આર.સી.ટી.૨૦૫ લખેલ છે તથા બોડી નં. AACL497 તથા MADE IN USA લખેલ છે તે, એક પીસ્ટલનું મેગેઝીન ૭ એમ.એમ.ના ચાર કાર્ટીઝ વાળુ, એક ખાખી કલરનો આખી બાંયનો શર્ટ, એક ખાખી કલરનું પેન્ટ, એક સેમસંગ કંપનીનો–એ–૭૦ મોડલનો મોબાઈલ | PW–24 |
| ૦૩ | પાંચ અલગ અલગ કાચની બરણીઓ, બે ખાખી કવર સ્વેબ વાળા, એક ખાખી કવર બ્લડના | PW–24 |

| | | |
|---|---|---|
| | નમુનાનું, એક કેસેટ પી.એમ.વખતની, એક આખી બાંયનો શર્ટ, એક બ્લુ કલરની નીકર લોહીના ડાઘ વાળી, બે બ્રાઉન કલરના ચપ્પલ, | |
| ૦૪ | એક સીલ્વર કલરની બોડી વાળો આઈફોન, | PW–24 |
| ૦૫ | એક સી.ડી. કેસેટ | PW–24 |

**(૧૮)** આમ, ફરિયાદપક્ષનો ઉપરોકત રજૂ થયેલ પુરાવો અને તેનું મૂલ્યાંકન જોતાં તેમજ બંને પક્ષોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતાં આ કામના આરોપીએ તારીખ: ૧૫/૦૧/૨૦૨૦ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યે રાજકોટ શહેરમાં આવેલ શાસ્ત્રી મેદાન બસ સ્ટેશનની અંદર આવેલ એસ.ટી. પોલીસ ચોકીમાં ફરિયાદીનો દિકરો મરણ જનાર હિમાંશુ દિનેશભાઈ ગોહેલ જે આરોપીને મેચની ટીકીટ બાબતે મળવા આવેલ ત્યારે આરોપી તેમની સર્વિસ પિસ્તોલ સાફ કરતા હતા અને પિસ્તોલ આવી રીતે સાફ કરવાથી ફાયર થઈ શકે અને કોઈને પણ ઈજા થઇ શકે તેમજ મોત પણ થઇ શકે તેવુ આરોપી જાણતા હોવા છતા, બેદરકારીભરી રીતે આરોપીએ પિસ્તોલ સાફ કરતા અને પિસ્તોલમાંથી ફાયર થતા. ફરિયાદીના દિકરા મરણ જનાર હિમાંશુને આંખના ભાગે ગોળી વાગી જતા અને ગંભીર ઈજા થતા તેના કારણે મરણ જનારનું મોત થયેલ હોય અને તે રીતે આરોપીએ આઈ.પી.સી. કલમ–૩૦૪ તેમજ આર્મ્સ એકટની કલમ–૩૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તેવી હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૯)** ઉપરોકત મુદ્દાઓમાં ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતાં, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ આંક–૧૫ થી ફરમાવવામાં આવેલ તહોતમનામા મુજબના **ભારતીય દંડ સંહિતાની કલમ– <u>૩૦૪, આર્મ્સ એકટની કલમ–૩૦</u>** મુજબના ગુના નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર–૧ નો નિર્ણય "**નકારાત્મક**" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:–

**(૨૦)** ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો

નીચે મુજબ છેઃ–

**૧. નકારાત્મક.**

**૨. આખરી હુકમ મુજબ.**

## :: હુ ક મ ::

/**૧**/ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **આરોપી – પ્રદિપસિંહ પ્રવિણસિંહ ચાવડા,** ઉ.૩૨ વર્ષ, ધંધોઃ નોક, રહે.– ડી–૧ પોલીસ ઇન્સપેક્ટર કવાર્ટર, રામનાથપરા, રાજકોટ નાઓને [રાજકોટ શહેરના એ–ડીવી. પોલીસ સ્ટેશનમાં ગુ.રનં. ૧૧૨૦૮૦૫૦૨૦૦૦૨૧/૨૦૨૦] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪ તેમજ આર્મ્સ એક્ટની કલમ–૩૦** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

/**૨**/ આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના **૧૦,૦૦૦/–** (**અંકે રૂપિયા દશ હજાર પૂરા**) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

/**3**/ સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અને કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ–૨ માલીકીની યોગ્ય ખરાઈ કરીને તેના મુળ માલીકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવા. સી.ડી.નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો તેમજ મુદ્દામાલ પીસ્તોલ અને મેગેઝીન અપીલ સમય પુરો થયા બાદ ક્રીમીનલ મેન્યુઅલના પેરા–૨૩૪ મુજબ રાજ્ય પોલીસ મ્યુઝીયમમાં અથવા ફોરેન્સીક સાયન્સના ડીરેક્ટર, ગુજરાત રાજ્ય ગાંધીનગરને મોકલી આપવા સારુ રાજકોટ પોલીસ કમિશનરશ્રીનાઓએ આ બાબતની આગળની કાર્યવાહી કરવા માટે મુદ્દામાલ પીસ્તોલ અને મેગેઝીન મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

/૪/ સદરહુ ચુકાદાની એક નકલ નામ. સુપ્રીમ કોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ કીશનભાઈ એ.આઈ.આર.–૨૦૧૪–એસ.સી.–(ક્રીમી.) ૫૪૦, ધ્યાને લેતા ગૃહ સચિવશ્રી, ગૃહ ખાતુ, સચિવાલય, ગાંધીનગરને મોકલવી.

આ ચુકાદો આજરોજ તારીખઃ **૧૫[મી]** માહે **એપ્રીલ,** સને **૨૦૨૬** ના રોજ રાજકોટ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
ASHVINKUMAR KESHAVLAL SHAH
at RAJKOT
on 15/04/2026 15:45:21 IST.

**તા. ૧૫/૦૪/૨૦૨૬.**
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
**પાંચમા** અધિક સત્ર ન્યાયાધીશ,
રાજકોટ.